

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-12 ■ તા. 14-03-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### દેશમાં ૨૪ કલાકમાં ૨૪,૮૪૫ પોઝિટિવ કેસ નોંધાયા

# ૫૩ દિવસ પછી દેશમાં સક્રિય કેસ ફરી ૨ લાખને પાર

### છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦ લોકોના મોત નિપજ્યા, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૫,૮૧૭ કેસ સામે આવ્યા, ત્યાર બાદ કેરળ, પંજાબ, ગુજરાત અને મધ્યપ્રદેશમાં પણ સંક્રમણ વધ્યું



### અત્યાર સુધી સમગ્ર દેશમાં ૨.૨૫ કરોડ લોકોને કોરોના વેક્સિન આપવામાં આવી

*ન્યુ દિલ્હી,તા.૧૩*

દેશના અમુક રાજ્યોમાં કોરોના વાયરસે ફરીથી ચિંતા વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી શનિવારે સવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૪,૮૮૨ નવા કેસ નોંધાયા છે. તેની સાથે ૧૯,૯૫૭ લોકો સાજા થયા છે. દેશમાં કોરોનાથી સાજા થવાનો દર હાલ ૯૬.૮ ટકા છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૪૦ લોકોનાં મોત થાય છે. હાલમાં દેશમાં કોરોનાથી મોતનું પ્રમાણ ૧.૪ ટકા છે. દેશમાં કુલ મૃત્યાંક ૧,૫૮,૪૪૬ થયો છે. દેશમાં હાલ કોરોના વાયરસના ૨,૦૨,૦૨૨ સક્રિય કેસ છે. દેશમાં અત્યારસુધી કુલ ૧,૧૩,૩૩,૭૨૮ કેસ નોંધાયા છે, જેની સામે ૧,૦૯,૭૩,૨૬૦ લોકો સાજા થયા છે. દેશમાં ૧૨મી માર્ચના રોજ ૮,૪૦,૬૩૫ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી હતી. અત્યાર સુધી દેશમાં કુલ ૨.૨૫ કરોડ લોકોને વેક્સીન લગાવવામાં આવી ચૂકી છે.

મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, મધ્ય પ્રદેશ, ગુજરાત, દિલ્હી રાજસ્થાન આ એવા રાજ્યો છે જ્યાં કોરોનાના નવા કેસ સતત રોકેટ ઝડપે વધી રહ્યે છે. શુક્રવારે દેશમાં જે ૨૫૦૦૦ જેટલા નવા કોરોના કેસ સામે આવ્યા છે તેમાં મોટાભાગના આ રાજ્યોમાંથી છે. તેમજ અડધાથી વધુ એકલા મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અચાનક વધેલી કોરોનાની ઝડપે નિષ્ણાંતોને ફરી વિચારતા કરી મૂક્યા છે. દેશમાં ફરી એકવાર ૫૩ દિવસો પછી કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨ લાખને પાર કરી ગઈ છે. એક મહિના પહેલા ૧૪ ફેબ્રુઆરીના રોજ દેશમાં ૧.૩૫ લાખ એક્ટિવ કેસ હતા. જેમાં આ એક જ મહિનામાં ૪૮ ટકા જેટલો વધારો થયો છે. દેશમાં ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ એવા છે જ્યાં દેશની રાષ્ટ્રિય એવરેજ કરતા પણ વધુ ઝડપથી કોરોના કેસ વધી રહ્યા છે.

કોવિડ વાયરસથી થતા મૃત્યુની સંખ્યા પણ વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૦ દર્દીઓના મોત થયા હતા, જે ૨૮ જાન્યુઆરી પછી સૌથી વધુ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૬ લોકોના મોત થયા હતા જ્યારે પંજાબમાં ૩૪ દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. એક દિવસ પહેલા પંજાબમાં ૧૮ દર્દીઓના મોત થયા હતા એટલે કે માત્ર એક જ દિવસમાં મૃત્યુઆંક લગભગ બમણો થઈ ગયો હતો. કેરળમાં ૧૪ લોકોના મોત થયા હતા.ભારતમાં છેલ્લે ૨ લાખથી વધુ સક્રિય કેસો ૧૮ જાન્યુઆરીએ હતા જ્યારે કેસ સતત ઘટી રહ્યા હતા. જોકે ૧૨ ફેબ્રુઆરીથી આ આંકડો સતત વધી રહ્યો છે. ૧૨ ફેબ્રુઆરીથી ૧૧ માર્ચ વચ્ચે પંજાબમાં ૭,૭૮૩ સક્રિય કેસોમાં વધારો થયો છે જે ૩૩૮%નો વધારો છે.

### કેન્દ્રીય પર્યાવરણ,જળવાયુ પરિવર્તન મંત્રાલયે નોટિફિકેશન ડ્રાફ્ટ તૈયાર કર્યો

# આગામી વર્ષથી દિલ્હી- NCR સહિત દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર મુકાશે પ્રતિબંધ



### દેશમાં વાર્ષિક ૧૬ લાખ ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પન્ન થાય છે

ન્યુ દિલ્હી,તા.૧૩

આગામી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગી જશે. એટલું જ નહીં, ૧૨૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા પ્લાસ્ટિક બેગ અને ૨૪૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા નોનવુવન બેગનો ઉપયોગ પણ બંધ થઈ જશે. પ્લાસ્ટિકના કચરાના દુષ્પ્રભાવને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે આ અંગેના નોટિફિકેશનનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે. આ ડ્રાફ્ટ અંગે લોકોની મુશ્કેલીઓ અને સૂચનો જાણવા માટે ગુરૂવારથી ૬૦ દિવસ માટે તેને પબ્લિક ડોમેનમાં લાવવામાં આવ્યો છે. ત્યાર બાદ તેનું ગેઝેટ નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત ફેબ્રુઆરી મહિનામાં વડાપ્રધાન કાર્યાલયે પ્લાસ્ટિકના ઉપયોગને સીમિત કરવાને અનુલક્ષીને બેઠક રાખી હતી. તે બેઠકમાં માઈક્રો પ્લાસ્ટિક એટલે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓનો ઉપયોગ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તેના પહેલા ૫૦ માઈક્રોન સુધીની પ્લાસ્ટિક બેગ અને વસ્તુઓ પર પ્રતિબંધ મુકવાનો જ નિયમ હતો. દેશભરમાં સમાન રીતે લાગુ થનારા આ નવા નિયમો પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સંશોધન) નિયમ, ૨૦૨૧ તરીકે ઓળખાશે.

દિલ્હીમાં પર્યાવરણ વિભાગના વિશેષ સચિવ કે.એસ. જયચંદ્રને સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધને લઈ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ તથા દિલ્હી પાર્ક એન્ડ ગાર્ડન સોસાયટીના નામે આદેશ પણ જાહેર કરી દીધા છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના સર્વે રિપોર્ટ પ્રમાણે દેશમાં વાર્ષિક ૧૬ લાખ ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પન્ન થાય છે. જ્યારે દિલ્હીમાં તે આંકડો વાર્ષિક ૮૦૦ ટન જેટલો છે. ડિસ્પોઝેબલ ક્રોકરી, પીવાના પાણીના પેક્ડ ગ્લાસ, થર્મોકોલ અને પ્લાસ્ટિકથી બનેલી સજાવટની તમામ વસ્તુઓ, પ્લાસ્ટિકની થેલીઓ, ૫૦ મિમી કે ૫૦ ગ્રામ સામાનવાળા પ્લાસ્ટિકના પાઉચ, ફુગ્ગા, ઝંડા, ટેટ્રાપેકના પાઈપ, પેકિંગ માટેની પ્લાસ્ટિક શીટ, ૫૦૦ મિમીસુધીના તરલ પદાર્થોવાળી પ્લાસ્ટિકની હલકી બોટલ્સ વગેરે.પર્યાવરણ નિષ્ણાંતોના અહેવાલ પ્રમાણે જમીનમાં રહીને સડી ન જાય તેવું પ્લાસ્ટિક ભૂજળને પ્રદૂષિત કરે છે. પ્લાસ્ટિકની બોટલ્સ અને ડિસ્પોઝેબલ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓ ૪૫૦ વર્ષ બાદ પણ નાશ નથી પામતી. પ્લાસ્ટિકના ઢાંકણાને સંપૂર્ણપણે નાશ પામતા ૪૦૦ વર્ષ જ્યારે માછલી પકડવા માટેની પ્લાસ્ટિકની જાળીને ૬૫૦ વર્ષ લાગી જાય છે.

### ૧ હજાર ઈસ્લામી શાળાઓ બંધ કરાશેઃ મહિંદા રાજપક્ષ

# સ્વિત્ઝર્લેન્ડ બાદ શ્રીલંકામાં પણ બુરખા પર પ્રતિબંધ લાગશે

કોલંબો,તા.૧૩

ધાર્મિક કટ્ટરપંથનો સામનો કરી રહેલ શ્રીલંકા બુરખા પર પ્રતિબંધ લગાવવાની તૈયારીમાં છે. મહિંદા રાજપક્ષે સરકારના એક મંત્રીએ શનિવારે જાહેરાત કરી કે શ્રીલંકા જલદી બુરખા પર પ્રતિબંધ લગાવશે. તેમણે તે પણ કહ્યું કે, આ સિવાય ઓછામાં ઓછી ૧ હજાર ઈસ્લામી શાળાઓને બંધ કરવામાં આવશે. શ્રીલંકા સિવાય વિશ્વના અનેક દેશો પણ બુરખા પર પ્રતિબંધ લગાવી ચુક્યા છે. થોડા દિવસ પહેલા સ્વિત્ઝર્લેન્ડે જનમત સંગ્રહ કરી બુરખો પહેરવા પર પ્રતિબંધ લગાવ્યો હતો.



શ્રીલંકાના જાહેર સુરક્ષા મંત્રી સરથ વેરાસેકેરાએ કહ્યુ કે, તેમણે કેબિનેટની મંજૂરી માટે એક બિલ પર સહી કરી છે. આ બિલમાં રાષ્ટ્રીય સુરક્ષાના આધાર પર મુસ્લિમ મહિલાઓના બુરખા પર પ્રતિબંધ લગાવવાની માંગ કરવામાં આવી છે. જો આ બિલ કેબિનેટમાં પાસ થાય તો શ્રીલંકાની સંસદ તેના પર કાયદો બનાવી શકે છે.

વેરાસેકેરાએ કહ્યુ કે, સરકારે એક હજારથી વધુ મદરેસા ઈસ્લામિક સ્કૂલો પર પ્રતિબંધ લગાવવાની યોજના બનાવી છે. તેમણે તે પણ કહ્યું કે, આ મદરેસા શ્રીલંકાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ભંગ કરી રહ્યાં છે. તેમણે કડક શબ્દોમાં કહ્યું કે, કોઈપણ સ્કૂલ ન ખોલી શકે અને બાળકોને તમે જે ઈચ્છો તે ન શીખવાડી શકો.

સરથ વેરાસેકેરાએ કહ્યુ કે, પહેલાના સમયમાં મુસ્લિમ મહિલાઓ અને યુવતીઓ બુરખો પહેરતી નહતી. આ હાલમાં આવેલા ધાર્મિક અતિવાદનો સંકેત છે. અમે ચોક્કસપણે તેના પર પ્રતિબંધ લગાવવા જઈ રહ્યાં છીએ. માનવામાં આવી રહ્યું છે કે આ કાયદાથી શ્રીલંકામાં મુસ્લિમોનો ગુસ્સો વધી શકે છે.

### બિહારમાં બુરાડી કાંડ પાર્ટ-૨, પાંચ સભ્યોએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

# સુપૌલમાં ત્રણ બાળકો સહિત પરિવારના પાંચ લોકોની આત્મહત્યાથી સનસનાટી

સુપૌલ,તા.૧૩

બિહારના સુપૌલથી દિલ્હીના બુરાડી જેવી જ ઘટના સામે આવી છે. અહીં એક જ પરિવારના ૫ સભ્યોએ એક સાથે ગળેફાંસો ખાઈ આત્મહતા કરી લેતા સનસનાટી મચી જવા પામી છે. પતિ-પત્ની અને તેમના ૩ બાળકો સહિત ૫ લોકોએ મોતને વ્હાલુ કર્યું હતું. આ ઘટના સામે આવતા ફરી એકવાર લોકોને બુરાડી કાંડની યાદો તાજી થઈ ગઈ હતી.ઘટના સુપૌલી જીલ્લાના ગદ્દી ગામની છે, જ્યાં મોડી રાત્રે મિશ્રી લાલ સાહના ઘરમાંથી ભયાનક દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ થઈ હતી. ગામના સરપંચે મોડી રાત્રે ૯ વાગ્યે ગામલોકોની મદદથી મિશ્રી લાલના ઘર પરની બારી તોડી તો પરિવારના ૫ સભ્યો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતાં. તમામ મૃતદેહ કોહવાઈ ગયેલી સ્થિતિમાં હાથ લાગ્યા હતાં.બંધ ઘરમાં એક જ પરિવારના તમામે તમામ ૫ સભ્યો લટકતા મળ્યાં હતાં. આ ઘટનાની જાણકારી પોલીસને આપવામાં આવી હતી. ગામના સરપંચે કહ્યું હતું કે, મૃતક પરિવારની ગામમાં કોઈની સાથે કોઈ જ દુશ્મની નહોતી. મિશ્રી લાલ પાસે કોઈ રોજગારી નહોતી. જેથી માની શકાય આર્થિક તંગીના કારણે પરિવારે ૫ થી ૬ દિવસ પહેલા આત્મહત્યા કરી હશે.ઘટનાની જાણકારી મળતા જ રાત્રે ૧૨ વાગ્યે બીરપુર એસપી, સુપૌલી પોલીસ અધિક્ષક ઘટનાસ્થળ પર પહોંચી ગયા હતાં અને આ કેસની તપાસ હાથ ધરી હતી. માત્ર ગણતરીની મિનિટોમાં જ ગામ આખુ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ હતું. હ્લજીન્ની ટીમ પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. પોલીસે ગામ લોકો સાથે વાતચીત કરી તપાસ હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે આ અગાઉ રાજધાની દિલ્હીને અડીને આવેલા બુરાડી ગામમાં એક જ પરિવારના ૧૧ લોકોએ ગળો ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાએ દેશભરમાં સનસનાટી મચાવી દીધી હતી.રાઘોપુરના એસપી મનોજ કુમાર પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે આત્મહત્યાનું કારણ હજી સ્પષ્ટ નથી થયું અને હ્લજીન્ની ટીમથી પણ તપાસ કરાવવામાં આવી રહી છે. અડોશપડોશના લોકોનું કહેવું છે કે પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ હતી અને છેલ્લાં બે વર્ષથી જમીન વેચીને ગુજરાન ચલાવતા હતા.

### ઓડિશા વિધાનસભામાં ભાજપ ધારાસભ્યનો સેનિટાઇઝ પી આત્મહત્યાનો પ્રયાસ

ભૂવનેશ્વર,તા.૧૩

ઓડિશા વિધાનસભામાં બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત ખૂબ જ હંગામાવાળી રહી. સદનમાં વિપક્ષી પાર્ટી ભાજપ અને કોંગ્રેસે રાજ્ય સરકાર પર ખેડૂતો પાસેથી અનાજની ખરીદીમાં અનિયમિતતાનો આરોપ લગાવીને હંગામો મચાવ્યો હતો. તે સમયે દેવગઢથી ભાજપના ધારાસભ્ય સુભાષ ચંદ્ર પાણિગ્રહીએ વિધાનસભામાં આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો અને સદનમાં સેનિટાઈઝર પી લીધું હતું. તેમણે બજારમાંથી ખેડૂતોના અનાજની ખરીદીના મુદ્દે ધ્યાન ખેંચવા આ પગલું ભર્યું હતું.

# છેલ્લા ૧૬ દિવસમાં પેટ્રોલ ૪.૭૪ અને ડીઝલ ૪.૫૨ રૂપિયા મોંઘુ થયું

ન્યુ દિલ્હી,તા.૧૩

ક્રૂડ તેલના ભાવમાં અત્યારે કોઈ રાહતના સંકેત દેખાતા નથી. વાત એમ છે કે તેલ ઉત્પાદક દેશોના સંગઠન હાલ તેલ ઉત્પાદન પર કંઈક વધુ જ નિયંત્રણ કરી રહ્યા છે. ફેબ્રુઆરી મહિના દરમ્યાન સાઉદી અરબના નેતૃત્વમાં સંગઠન સાથે જોડાયેલા દેશોએ ક્રૂડ તેલનું ઉત્પાદન દરરોજ ૬.૫ લાખ બેરલનો ઘટાડો કર્યો હતો. આ જ કારણ છે કે આ સપ્તાહે દરરોજ ક્રૂડના ભાવમાં તેજી જોવા મળી રહી છે. જો કે સપ્તાહાંતમાં તેમાં મામૂલી ઘટાડો જોવા મળ્યો. બીજીબાજુ સ્થાનિક બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં આજે સતત ૧૪મા દિવસે પણ કોઈ ફેરફાર થયો નથી. શનિવારના રોજ દિલ્હી બજારમાં પેટ્રોલ ૯૧.૧૭ અને ડીઝલ ૮૧.૪૭ રૂપિયા લીટર પર સ્થિર રહ્યા. અત્યારે લગભગ દરેક શહેરમાં બંને ઈંધણના ભાવ ઓલ ટાઈમ હાઈ પર ચાલી રહ્યો છે.ભારતમાં તો એમ પણ કહેવાય છે કે સરકારી તેલ કંપનીઓ પેટ્રોલ-ડીઝલના ભાવ નક્કી કરવા માટે સ્વતંત્ર છે. પરંતુ તેમના કામકાજમાં એવું દેખાતું નથી. કારણ કે જ્યારે-જ્યારે ચૂંટણીની મોસમ આવે છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલ મોંઘું હોવા છતાંય પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થાનિક બજારમાં સ્થિર રહે છે. ચૂંટણી પૂરી થતાં જ પાછા ભાવ વધવા લાગે છે. ગયા ઓક્ટોબર-નવેમ્બર દરમ્યાન જયારે બિહારમાં વિધાનસભા ચૂંટણી થઇ રહી હતી ત્યારે સતત ૪૮ દિવસ સુધી ભાવમાં કોઇ ફેરફાર થયો નહોતો. ત્યારબાદ લગભગ દરરોજ ભાવ વધ્યા. અત્યારે પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે.અત્યારે ભલે પેટ્રોલના ભાવમાં શાંતિ હોય પરંતુ ગયા ફેબ્રુઆરી મહિના દરમ્યાન પેટ્રોલના ભાવમાં ૧૬ દિવસ વધારો થયો છે. તેથી ૪.૭૪ રૂપિયા મોંઘુ થયું છે. જયારે ૧૬ દિવસમાં ડીઝલના ભાવ ૪.૫૨ રૂપિયા વધ્યા છે.

# તંત્રી લેખ

## જોન્સન એન્ડ જોન્સનની એક ડોઝવાળી કોરોનાની રસીને WHO એ આપી મંજૂરી

જોન્સન એન્ડ જોન્સનને પરવાનગી મળતાની સાથે એક ડોઝ વાળી આ રસીને હવે આંતરરાષ્ટ્રીય કોવેકસ અભિયાનમાં સમાવવામાં આવી શકે છે. જેના માધ્યમથી આંતરરાષ્ટ્રીય સ્તર પર રસી વહેંચવામાં આવી રહી છે. ખાસ કરીને ગરીબ દેશોને. એક નિવેદનમાં સંયુકત રાષ્ટ્રની સ્વાસ્થ્ય એજન્સીએ જણાવ્યું કે મોટા સ્તર પર કિલનિકલ ટ્રાયલમાં જોનસન એન્ડ જોનસનની રસી વયસ્ક વસ્તી પર અસરકારક જોવા મળી છે.


આના એક દિવસ પહેલા જ યુરોપિયન યુનિયને રસીને તમામ દેશોમાં લીલી ઝંડી આપી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા ડાયરેકટર જનરલ ટેડ્રોસ એડનામનું કહેવું છે કે નવી રસી મળતાની સાથે એ સુનિશ્ચિત કરવું પડશે કે તે વૈશ્વિક સમાધાનનો ભાગ બને. નહીં કે તેવું કારણે જેના કારણે કેટલાક દેશ અને લોકો પાછળ રહી જાય. જેએન્ડ જેની રસીનું ટ્રાયલ ૩ મહાદ્વીપોમાં કરવામાં આવ્યું હતુ.

આમાં આ ગંભીર બિમારી, હોસ્પિટલમાં ભરતી કરવા અને મોત જેવા માપદંડોની વિરૂદ્ધ ૮૫ ટકા અસરકારક મનાઈ રહી છે. રસપ્રદ વાત એ છે કે દક્ષિણ આફ્રિકામાં આ અસરદાર રહી. જયાં નવા વેરિએન્ટથી સમસ્યા ઉભી થઈ હતી.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સિનિયર એડવાઈઝર ડો. બ્રૂસ એલિવર્ડે આશા વ્યકત કરી છે કે આવનારા મહિનાઓમાં જે એન્ડ જે કેટલાક જથ્થામાં ડોઝ પુરા પાડી શકશે. ઓછામાં ઓછા જુલાઈમાં આનાથી રસીકરણ કરી શકાશે તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે. આનાથો ફકત એક ડોઝ પુરતો છે. એટલા માટે વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રસીને ઓછા તાપમાનમાં સ્ટોર કરવાની રહેશે. એટલા માટે તેના એક ડોઝથી કામ સારૂ થઈ શકે છે.

# સદાબહાર સુર - ૧૧

## અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસ એક એવું નામ જેના વિશે, જેમની રચનાઓ વિશે કશું પણ કહેવું હોય તો શબ્દો ખૂટે, પાના ઓછા પડે પણ ક્યારેક અવિનાશ વ્યાસ માટે બે-ચાર વાક્યોમાં પણ ઘણું કહેવાઈ જાય. એ કહેવા માટે અવિનાશ વ્યાસને એમના જ શબ્દ અને સૂરથી ઓળખવા પડે. એમની સૂઝ પારખવી પડે. એમની અભિવ્યક્તિને પામવી પડે.

આવા એમને પારખી ગયેલા, પામી ગયેલા એક ઉચ્ચ કોટીના ગાયક, સ્વરકારે એમના માટે જે કહ્યું છે એ આજે અહીં ટાંકુ છું.

“આજે આખાય વિશ્વનો વ્યાપ લઈને બેસેલો છે એ માણસ જેના નામનો કદી નથી નાનો વ્યાસ, જેનું નામ હતું, છે અને રહેશે એ છે અવિનાશ વ્યાસ.” પુરુષોત્તમ ઉપાધ્યાય જેવી વ્યક્તિ જ્યારે અવિનાશ વ્યાસ માટે જે વાક્ય બોલ્યા એ જાણે આખા સંદર્ભગ્રંથ જેવા છે.

એવા જ એક બીજા ગાયક-સ્વરકાર આશિત દેસાઈએ કહેલી વાત આજે જો પુનરુક્તિ જેવી લાગે તો પણ કહેવાની ઈચ્છા થાય જ છેપએમણે કહ્યું હતું કેપ

“અવિનાશભાઈ એટલે ગુજરાતી સુગમ સંગીતમા ભિષ્મપિતામહ એટલે માતા અને પિતા એમ બંનેનું કામ એમણે સંભાળ્યુ. સુગમ સંગીતનો પાયો મજબૂત કરવામાં એમનો ફાળો ખુબ મહત્વનો છે.”

અવિનાશ વ્યાસ પોતાની રચનાઓ જાતે જ સ્વરબદ્ધ કરતા હતા.

એમની રચનાઓમાં કાવ્યત્વતો હતું જ પણ એની સાથે ખુબ સુરીલી પણ હતી.

આ સુગમ સંગીત એટલે ભારતીય સંગીત વિદ્યાનું એવું અંગ જે સરળતાથી શીખી કે ગાઈ શકાય. જેને નિયમોથી બાંધવામાં ન આવ્યું હોય તેમ છતાં લોકોમાં પ્રિય હોય.

લોકપ્રિય ગીત, લોકપ્રિય સંગીત, ભજનો, ફિલ્મી ગીતો પણ આ પ્રકારના સંગીતમાં આવે અને અવિનાશ વ્યાસનું નામ આ સુગમ સંગીત ક્ષેત્રે મોખરાનું છે એ તો સર્વ વિદિત વાત છે.

કનૈયાલાલ મુનશીએ તેમને ભારતીય વિદ્યા ભવનના સંગીત વિભાગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા એ પણ સૌને ખબર છે પરંતુ બહુ ઓછાને એ ખબર હશે કે એક કાર્યક્રમમાં અવિનાશ વ્યાસ સ્ટેજ પર સંગીત કંડક્ટ કરતા હતા અને આ ગુજરાતના નાથ કનૈયાલાલ મુનશી પ્રેક્ષક તરીકે પ્રેક્ષકગૃહમાં હાજર હતાપકલ્પના કરીએ ને તો પણ આનંદિત થઈ જવાય એવી આ ઘટના હતી.

અવિનાશ વ્યાસે સરળ અને મધુરા ગીતો તો આપ્યા જ છે પણ એ સરળતાની સાથે ક્યારેક સાવ ઓછા વપરાતા એવા શબ્દોને પણ સરસ રીતે એ પોતાના ગીતમાં ગૂંથી લેતા. આજે એક એવા જ શબ્દપ્રયોગને યાદ કરવાનું મન થયું છે.

આ એકદમ મસ્તીભર્યું ગીત ગાયું છે આશા ભોંસલે અને મહેન્દ્ર કપૂરેપ..

આપણે આગળ વાત કરી હતી એમ અવિનાશ વ્યાસે બીન ગુજરાતી ગાયકો પાસે અનેક ગીતો ગવડાવ્યા એમાં આશા ભોંસલેએ તો અનેક ગીતો ગાયા છે સાથે ઘેઘૂર અવાજ ધરાવતા ગાયક મહેન્દ્ર કપૂરે પણ સાથ આપ્યો છે.

**એક પાટણ શહેરની નાર**
**પદમણી, આંખ નચાવતી ડાબી ને જમણી**
**સૂરત જાણે ચંદા પૂનમની**
**બીચ બજારેય, ભાતીગળ ચૂંદડી**
**લહેરાય ઝાંઝરીયું ઝમક ઝમક**
**ઝમક ઝમક ઝમક ઝમક થાય.**
**એક વાગડ દેશનો બંકો**
**જુવાનીયો, રંગ જાણે એનો લાલ ફાગણીયો**
**કંઠે ગરજતો જાણે**
**શ્રાવણીયો, સાવજડો**
**વર્તાય,નજર્યુંમાં આવી એવો નજરાય**
**દલડું ધબક ધબક ધબક**
**ધબક ધબક ધબક થાય**

અહીં વાત તો પ્રેમમાં રસ તરબોળ દિલની જ છે પણ ગીતકાર અવિનાશ વ્યાસે ગીતમાં ભાવની સાથે શબ્દોને એવા તો રમતીયાળ રીતે રમતા મુક્યા છે કે સાંભળીને એ ઝાંઝરનો ઝમકાર કાનને સંભળાવા માંડે. ઝમક ઝમકની જેમ જ ધબક ધબક શબ્દને ભારે લહેકાપૂર્વક એકથી વધારે વાર મુકીને એ શું પ્રસ્થાપિત કરવા માંગે છે?

આ ઝમક, ઝમક કે ધબક ધબક શું છે? આમ તો કાના-માત્ર વગરના શબ્દો જ ને પણ આ કાના-માત્રા વગરના શબ્દોને અવિનાશ વ્યાસે ગીતમાં એવી રીતે વણી લીધા છે કે સાંભળતાની સાથે એ નારીના હૃદયના ધબકારા આપણા કાન સોંસરા ઉતરી દિલ સુધી પહોંચી જાય. આપણા હાથની થાપ આપોઆપ એની સાથે તાલ મેળવી લે.

વળી આ ગીતમાં અંગ રંગ, ઢંગ જેવા શબ્દોને પણ કેવા અલગ રીતે અજમાવ્યા છે !

**રંગમાં નખરો, ઢંગમાં નખરો,**
**રૂપ એવું અંગ અંગમાં નખરો;**
**પાતળી કેડને ભાર**
**જોબનનો જીરવ્યો ના જીરવાય,**
**ભાતીગળ ચૂંદલડી લહેરાય,**
**ઝાંઝરીયું ઝમક ઝમક**
**ઝમક ઝમક ઝમક ઝમક થાય..**
**બંકડી મૂછો અરે બંકડી પાઘડી,**
**રંગ કસુંબલ ભરી આંખલડી,**
**હાલક ડોલક ડુંગરે ચડે પડ છો ના પરખાય,**
**નજર્યુંમાં આવી એવો નજરાય,**
**દલડું ધબક ધબક ધબક**
**ધબક ધબક ધબક થાય..**

શબ્દોની જાણે સાતતાળી માંડી ના હોય!

એવું જ બીજું ગીતપ..


ચરરર ચરરર ચકડોળ મારું ચાલે, ચાકડ ચું ચી ચી ચાકડ ચું ચી ચી તાલેપ

હવે આમ તો સામાન્ય રીતે આપણે આ ચરરર કે ચાકડ ચું ચી ચીં જેવા શબ્દો ક્યાં અને ક્યારે વાપરીએ છીએ પણ જયારે અવિનાશ વ્યાસ આ ગીત રચે અને પાછું સંગીતે પણ મઢે ત્યારે આવા શબ્દો પણ આપણને ગમતા થઈ જાય અને આપણે એ ગણગણતા થઈ જઈએ અને મઝાની વાત તો એ કે આ ગીત એમણે મન્ના ડે પાસે ગવડાવ્યું. હવે આ બંગાળી ગાયક માટે આ ગીત ગાવું સાવ સહેલું તો નહીં જ હોય ને? પણ અવિનાશ વ્યાસે એ શક્ય કરી બતાવ્યું અને આજે પણ આ ગીત એટલું જ ગવાય છે.એવી રીતે હુ તુ તુ તુ તુ તુ તુ તુ જેવું ગીત હોય અને મન્ના ડે જેવા ગાયકે ગાયું હોય ત્યારે એ એક ઈતિહાસ જ રચે ને? પણ આ ગીતની રચના પાછળનો ઈતિહાસ આપણે આવતા લેખમાં જોઈશું




## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૩)

વર્ષા જાની



આપણે ઘણીવાર એવી વાત સાંભળીએ છીએ કે ×કામ કામને શીખવાડે.× ઘણાં લોકો એવાં હોય છે કે ગમે એવું અઘરું કામ પણ માથે લઈને સચોટ રીતે પાર પાડી બતાવે. તો ઘણાં તો સાવ સરળ કામ હોય તો ય ફટાક દઈને કરવાની ના જ પાડી દે. કેમકે એને એ કામ માટે પ્રયત્ન પણ કરવો હોતો જ નથી.કેમકે ઘણાંયને અમૂક કામ કરવામાં શરમ આવે.. કહે કે એ કામ કાંઈ હું ન કરું!

કોઈપણ કામ નાનું કે મોટું હોતું નથી. દરેક કામ સુંદર રીતે કરવામાં આવે તો નાનું કે મોટું એ રહેતું જ નથી.

આમ જુઓ તો લોકો જિંદગીભર મોટાં મોટાં કામો કરવાનાં સપનાઓ તો ઘડતાં હોય છે! કે આમ કરીશ ને તેમ કરીશ! માત્ર શેખચલ્લી સપના જોવાથી પછી કશું ય પ્રાપ્ત થતું નથી. સપના માત્ર સપના જ રહી જાય છે.

એ લોકો એટલું પણ વિચારતા નથી કે સહુથી મોટું કામ તો હસીખુશીથી જીવન વિતાવવું એ છે. જીવન જીવવાની કળા એકવાર પામી લઈએ તો પછી જીવન આનંદમય હસતાં હસતાં પસાર થાય.

એક પ્રાચીન ચીની વાક્યમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે દુનિયામાં સહુથી બુદ્ધિશાળી માણસ કોણ છે? પછી જવાબ પણ આપવામાં આવ્યો છે કે જો સહુથી ખુશ રહેતા હોય તે..

આ જવાબથી આપણે જીવન સાથેનો દ્રષ્ટિકોણ પરખી શકીએ છીએ. અગર માણસ સંસારની કોઈપણ પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવાની કળા શીખી લે, તો સમજો કે એણે જીવન જીવવા માટેનું મોટું, ઉત્તમ કામ શીખી લીધું છે. એમ અવશ્ય કહી શકાય. આમ જુઓ તો ખુશ રહેવું એ ફક્ત એક જરૂરત નથી. પણ એક નૈતિક ઉત્તરદાયિત્વ પણ ગણાવી શકાય. કેમકે માણસ માત્ર પોતે એકલો જ હોતો નથી.એની સાથે સ્વજનો, કુટુંબ, સમાજ બધું સંકળાયેલું હોય છે. તેથી તેનું સુખદુઃખ ફક્ત ખૂદ સુધી સીમિત નથી રહેતું હોતું. બીજા લોકોને પણ એની અસર વર્તાય છે. એટલે જો તમે દુઃખી, તો તમારાં અંગત પણ દુઃખી. કેમકે માણસ કાંઈ એકલો તો હોતો નથી. આપણામાંથી કોઈપણ માણસની જિંદગી પોતાની એકલાની તો હોતી જ નથી. કોઈપણ માણસના જીવનરૂપી સમુદ્રમાં એક લહેર ઊઠે તો પછી એમાંથી અસંખ્ય લહેરો ઊભી થાય જ છે!અને એ આપણા નજીકનાં ઘણાં બધાને પ્રભાવિત કરનારી સાબિત થાય છે.

કુટુંબમાં કોઈ એક વ્યક્તિને કોઈ મોટી બીમારી આવી હોય, અને એ વ્યક્તિ એવું માનતી હોય કે ભલે મને કાંઈપણ થઈ જાય! હું સારવાર નહીં કરુ.. કે આમ નહીં કરુ.. તેમ નહીં કરુ.. આવી બધી જીદ કરી કરીને પોતે પણ પીડાથી દુઃખી થાય અને સ્વજનોને પણ દુઃખી કરે. કોઈપણ વ્યક્તિનું જીવન એ પોતાની નીજી સંપત્તિ છે, અને હું એ માટે મનમાની કરીશ.

એવું એણે હરગીઝ માની લેવાની જરુર નથી. શ્રીમદ્દભગવદ્દગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ સ્થિતપ્રજ્ઞના લક્ષણો બતાવ્યા જ છે ને! આપણા ધર્મગ્રંથો પણ આપણને જીવન જીવવાની ફિલોસોફી આપે છે.પણ એ ફિલોસોફી માત્ર એ ગ્રંથો પૂરતી જ સીમિત રહી જાય છે!

આમ જુઓ તો વિચાર શુદ્ધિ એ જ જીવનશુદ્ધિ અને એ જ કર્મશુદ્ધિ.


વર્ષા જાની
ભાવનગર
૧૪ માર્ચ,૨૦૨૧

### એપ્રિલમાં વડાપ્રધાન મોદી ગુજરાત આવશે

## વડાપ્રધાન મોદી ગાંધીનગર ખાતે રેલ્વે સ્ટેશન-હોટલનું લોકાર્પણ કરશે

ગાંધીનગર,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એપ્રિલ મહિનામાં ફરીવાર ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. વડાપ્રધાન આ દરમિયાન ગાંધીનગર સ્થિત આધુનિક રેલવે સ્ટેશન અને ફાઈવ સ્ટાર હોટલનું લોકાર્પણ કરી શકે છે. આ સાથે જ વડાપ્રધાન આવે તે સ્થિતિમાં અન્ય કાર્યક્રમો પણ જોડે ગોઠવવા માટે આયોજન કરાઈ રહ્યું છે. માર્ચ મહિનામાં જ વડાપ્રધાન બે વખત ગુજરાતની મુલાકાતે આવી ચૂક્યા છે.



ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનને ઈન્ડિયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન ડેવલપ કરી રહ્યું છે. દેશમાં પહેલીવાર કોઈપણ રેલવે સ્ટેશન પર પ્રાર્થના રૂમ અલગથી તૈયાર કરાયો છે, જ્યાં ટ્રેનની રાહ જોતા પેસેન્જરો ભગવાનની પ્રાર્થના-બંદગી કરી શકશે. ફાઈવસ્ટાર હોટલ બિલ્ડિંગની નીચે સ્ટેશન માટે નવું બિલ્ડિંગ તૈયાર કરાયું છે. આ બિલ્ડિંગમાં જ નીચેના મુખ્ય પ્રવેશદ્વારથી પ્લેટફોર્મ પર જવા માટેની એન્ટ્રી છે. તમામ પેસેન્જરોએ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું પડશે. એન્ટ્રીગેટ પાસે ફાઈવસ્ટાર હોટલમાં જવા માટેનો રસ્તો આપ્યો છે, જેમાં નવી ટિકિટ બારીની ડાબી બાજુમાં લિફ્ટ-એસ્કેલેટર લગાવાયાં છે, જેથી હોટલ બિલ્ડિંગમાં સરળતાથી પહોંચી શકાશે.

## હાય રે મોંઘવારી: તમામ પ્રકારના ખાદ્ય તેલોમાં ભાવ વધારો ઝીંકાયો

ગાંધીનગર,તા.૧૩

છેલ્લા ઘણા દિવસોથી ખાદ્ય તેલોના ભાવમાં વધારો થઈ રહ્યો છે. સનફ્લાવર્સ તેલમાં રૂ. ૬૦, સિંગતેલમાં રૂ. ૨૦ અને કપાસિયા તેલમાં ડબ્બે રૂ. ૪૫ રૂપિયાનો વધારો થયો છે. પામ તેલમાં રૂપિયા ૧૦નો વધારો થયો છે તો કોર્ન ઓઈલમાં ૨૦નો વધારો થયો છે. સરસિયા તેલના ભાવમાં પણ વીસ રૂપિયાનો વધારો થયો છે. સનફ્લાવર તેલમાં બે દિવસમાં રૂ. ૧૮૦નો તોતિંગ ભાવવધારો થયો છે. જોકે સોમાએ ખાદ્ય તેલોના ભાવ ઉનાળામાં ઊતરશે, એવી આશા વ્યક્ત કરી છે.

સનફ્લાવર તેલના ડબ્બાનો ભાવ ૨૦૬૦થી ૨૧૦૦ રૂપિયા થયો છે, જ્યારે સિંગતેલનો ભાવ ૨૬૦૦ને પાર થયો છે. કપાસિયા તેલનો ડબ્બો ૨૦૦૦ને પાર પહોંચ્યો છે. વૈશ્વિક અહેવાલો અને ઉત્પાદક મથકોના પ્રોત્સાહક અહેવાલો પાછળ અમદાવાદ સહિત વિવિધ તેલિબિયાં બજારમાં તમામ પ્રકારનાં ખાદ્ય તેલોમાં આગઝરતી તેજીનો માહોલ છે. તમામ પ્રકારનાં ખાદ્ય તેલોના ભાવ વધતાં આમઆદમીનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. જવા પામ્યું હતું.

મુંબઈ તેલિબિયાં બજારમાં વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોમાં તેજી આગળ વધી હતી. આવા માહોલમાં આજે દિવેલ તથા એરંડાના ભાવપણ ઉછળ્યા હતા. એરંડા માર્ચ વાયદો આજે રૂ.૧૨૮ ઊછળી રૂ.૪૭૦૦ વટાવી રૂ.૪૭૫૦ સાંજે બોલાઈ રહ્યો હતો.દેશમાં ખાદ્ય તેલની કુલ આયાત ફેબ્રુઆરીમાં વાર્ષિક તુલનાએ ૨૫ ટકા ઘટીને ૮,૩૮,૬૦૭ ટન નોંધાઈ છે જ્યારે ગયા વર્ષે સમાન મહિનામાં ૧૧,૧૨,૪૭૮ ટન ખાદ્ય ઓઈલની આયાત થઈ હતી. વિશ્વ બજારોમાં પામતેલ સહિતનાં વિવિધ ખાદ્ય તેલોના ભાવ વધતા સ્થાનિક બજારમાં પણ તેમના ભાવ અતિશય વધી ગયા છે તેના લીધે હાલ ખાદ્યતેલોની માંગ પણ ઘટી છે.

## વિદેશી નાગરિકોને લૂંટતી અને આંતરરાષ્ટ્રીય ગુના આચરતી ટોળકીના ત્રણ ઝડપાયા

અમદાવાદ,તા.૧૩

વિદેશી નાગરિકોને લૂંટતી અને આંતરરાષ્ટ્રીય ગુના આચરતી ટોળકીના ત્રણ શખસોની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આ ગેંગ દ્વારા વિદેશી નાગરિકોના ક્રેડિટ કાર્ડ તથા ડેબિટ કાર્ડના ડેટા ચોરીને ઓનલાઇન શોપિંગ કરી નાખતા હતા. અંદાજીત ૫૦ લાખથી વધુની રકમની અલગ અલગ ખરીદી કરી લીધી હોવાની વિગતો સામે આવી છે. આરોપીઓએ પોલીસ સમક્ષ કબૂલાત કરી છે કે તેમણે ટેલિગ્રામ દ્વારા પાકિસ્તાનના બે વ્યક્તિઓનો સંપર્ક થયો અને ડાર્ક વેબસાઇટનો પાસવર્ડ મેળવ્યો હતો અને તેમને રૂપિયા પણ મોકલ્યા હતા.ડાર્ક વેબ સાઈટ પરથી વિદેશી નાગરિકોના ક્રેડિટ કાર્ડ તથા ડેબિટ કાર્ડનો ડેટા મેળવીને લાખો રૂપિયાની ખરીદી કરનાર હર્ષવર્ધન પરમાર, મોહિત લાલવાની તથા કલ્પેશ સિંધાની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. આ ત્રણેય શખસો એકબીજાને છેલ્લા ત્રણેક વર્ષથી ઓળખતા હતા. પરંતુ હજી સુધી એક પણ વખત મળ્યા નહોતા. ટેલિગ્રામ એપ્લિકેશન મારફતે છેલ્લા ત્રણેક વર્ષથી પોતાનો ઠગાઈનો વ્યવસાય ચલાવતા હતા. ત્રણેય આરોપીઓની મુલાકાત ક્રાઈમ બ્રાંચમાં જ થઇ હોવાનું જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી.અલગ-અલગ રાજ્યોના સીમ કાર્ડ ખરીદીને ડાર્ક વેબસાઈટ પરથી વિદેશી નાગરિકોના ડેટા મેળવીને તેમના કાર્ડ ઉપર લાખો રૂપિયાની જથ્થામાં ખરીદી કરી લેતા હતા. બાદમાં ભારતીય ઓનલાઈન માર્કેટમાં ઓર્ડર કરતા હતા અને ત્યારબાદ અધૂરાં સરનામાં આપી અમદાવાદના કોઈપણ નજીકના વિસ્તારના લેન્ડમાર્ક પાસે કુરિયર બોયને બોલાવી પોતાનો ઓર્ડર રિસીવ કરી લેતા હોવાની મોડસ ઓપરેન્ડીથી આ ત્રણેય આરોપીઓ ગુનાને અંજામ આપતા હતા.

### મૂળ કલોલના વ્યક્તિ આફ્રિકાથી પરત આવ્યો હતો

## ગાંધીનગરમાં આફ્રિકાના કોરોના સ્ટ્રેઈનનો શંકાસ્પદ કેસ આવતા હડકંપ

### વ્યક્તિના સેમ્પલ ટેસ્ટિંગ માટે પુણેની લેબોરેટરીમાં મોકલાયા

ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં દિવાળી બાદ કોરોના સંક્રમણમાં સતત વધારો થયો હતો. જો કે થોડા સમય બાદ કોરોનાનાં કેસો ઘટવા લાગ્યા હતા. પણ ચૂંટણીના મેળાવડાને કારણે રાજયમાં ફરીથી કોરોના બેકાબૂ બન્યો છે. અને તેવામાં ગાંધીનગરથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગરમાં આફ્રિકાના નવા સ્ટ્રેઈનનો શંકાસ્પદ કેસ સામે આવતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી છે.

ગાંધીનગરમાં પણ આફ્રિકાના નવા સ્ટ્રેઈનની એન્ટ્રી થઈ ગઈ હોવીની આશંકાઓ સેવાઈ રહી છે. આફ્રિકાથી પરત આવેલાં વ્યક્તિમાં નવા સ્ટ્રેઈનના લક્ષણો દેખાયા હતા. મૂળ કલોલનો વ્યક્તિ આફ્રિકાથી પરત આવ્યો હતો. તેનામાં નવા સ્ટ્રેઈન હોવાની આશંકાએ આરોગ્ય તંત્ર દોડતું થયું હતું. અને વ્યક્તિના સેમ્પલ ટેસ્ટિંગ માટે પુણેની લેબોરેટરીમાં મોકલાયા હતા.આ ઉપરાંત અસારવા સિવિલ હોસ્પિટલના આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ કહ્યું છે કે બધા લોકોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. હજુ પણ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ શકે છે. લોકોએ ફરજીયાત સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કનું પાલન કરવું જ પડશે. દરેક મેળાવડામાં ના જવું જોઈએ અને મેળાવડા ટાળવા જોઈએ. દરેક લોકોએ પોતાનું અને આસપાસનાં લોકોનું ધ્યાન રાખવું જોઈએ. ત્રીજી લહેર આવી શકે છે અને સાવચેતીનાં પગલાં લઈશું તો નહીં આવે ત્રીજી લહેર તેવું પણ ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું.

## દારુડિયાઓને પકડવા નવી સિસ્ટમ: સીધી લાઈન પર ચાલો, અથવા જેલભેગા થાઓ

અમદાવાદ,તા.૧૩

હવે પાર્ટી કરીને ઘરે જતાં લોકોને પકડવા માટે અમદાવાદ પોલીસે નવી જ ટેકનિકનો અમલ શરુ કર્યો છે. જેનાથી વ્યક્તિ થોડો પણ નશામાં હોય તો પણ પોલીસને સેકન્ડોમાં જ તેનો ખ્લાય આવી જાય છે. છેલ્લા ત્રણેક દિવસમાં જ પોલીસ આ રીતે કેટલાક લોકોને પકડી પણ ચૂકી છે.

૧૦ માર્ચના રોજ ઘાટલોડિયા પોલીસે ૩૬ વર્ષના એક વ્યક્તિએ દારુ પીધો હોવાની શંકા જતાં તેને સીધી લાઈનમાં ચાલવા જણાવ્યું, પરંતુ તેમ કરવામાં તેનું બેલેન્સ ના રહ્યું, અને તે રસ્તા પર જ લથડિયું ખાઈને પડી ગયો. ૧૦ માર્ચે જ જી ડિવિઝન ટ્રાફિક પોલીસે ઈન્દિરા બ્રિજ પરથી એક ટુ-વ્હીલરચાલકને પકડ્યો, અને તે નશામાં હોવાની શંકાએ તેને પણ સીધી લાઈનમાં ચાલવા કહેવાયું, પરંતુ તે પણ તેમ ના કરી શક્યો, અને પોલીસે તેના પર કેસ કર્યો.

કોરોના આવ્યો છે ત્યારથી પોલીસ દારુડિયાનું મોઢું સૂંઘવાનું ટાળી રહી છે. ઉચ્ચ સ્તરેથી પણ આમ ના કરવા માટે આદેશો અપાયા છે. જોકે, કોઈ વ્યક્તિ ખરેખર નશાની હાલતમાં છે કે કેમ તે ચકાસવા માટે હવે અમદાવાદ શહેર પોલીસે અમેરિકન સિસ્ટમ અપનાવી છે. જેમાં વ્યક્તિને સીધી લાઈન પર ચાલવા જણાવાશે. આ દરમિયાન જો તેનું બેલેન્સ ના જળવાયું તો તે વ્યક્તિને નજીકની હોસ્પિટલમાં લઈ જઈ તેનું બ્લડ સેમ્પલ લેવામાં આવશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001